# કલેકટર કચેરી, (ચૂંટણી શાખા) વલસાડ
## નવું જિલ્લા સેવા સદન, બીજા માળે ૩૯૬૦૦૧

ટેલીફોન:- ૦૨૬૩૨-૨૪૪૨૭૬ ઈ-મેઈલ:-gpelevalsad@gmail.com

નં.સ્થા.સ્વ.ચૂં./ટેન્ડર/સ્ટેશનરી/વશી.૧૨૧૨૮/૨૦૨૬ તા.૨૭/૧/૨૦૨૬

વંચાણમાં લીધુ:-

(૧) નાયબ સચિવશ્રી (ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, તા.૦૩-૦૨-૨૦૨૧
(૨) અત્રેની કચેરીનાં GeM Portal બીડ નં. **GEM/2025/B/6970470**, તા.૦૬-૧૨-૨૦૨૫
(૩) DATAENTRY
(૪) EKTA OFFSET PVT LTD
(૫) HILLS STATIONERS & PRINTERS
(૬) KHENI ENTERPRISE
(૭) M/S MAKMONI ENTERPRISES
(૮) V K ENTERPRISE
(૯) ટેન્ડર કમિટી સમક્ષ ટેન્ડર ખોલવા બાબતોનું રોજકામ તા.૨૪/૧૨/૨૦૨૫ તથા તા.૨૯/૧૨/૨૦૨૫, તા.૩૧/૧૨/૨૦૨૫
(૧૦) જિલ્લા કક્ષાની ડી.પી.સી કમિટીની કાર્યવાહી નોંધ તા.૭/૧/૨૦૨૬

હુકમ:-

સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/પેટા ચુંટણીનાં કામે ચૂંટણી દરમ્યાન સ્ટેશનરીની સેવાઓ ઉપલબ્ધ કરાવવાની થાય છે.આ કામે સરકારશ્રીનાં આમુખ-(૧) ના ઠરાવની સુચના મુજબ GeM Portal મારફત વસ્તુ સેવાની ખરીદી ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી કરવા જણાવેલ છે. આ કામે આમુખ-(૨) માં જણાવ્યા પ્રમાણેની GeM Portal પર બીડ નંબર **GEM/2025/B/6970470**, તા.૦૬-૧૨-૨૦૨૫ થી સ્ટેશનરીની સેવાઓ મેળવવા ઓનલાઇન બીડ કરવામાં આવેલ જે અન્વયે નીચે જણાવેલ એજન્સી તરફથી GeM Portal પર ઓનલાઇન બીડ મળેલ છે.

(૧) DATAENTRY
(૨) EKTA OFFSET PVT LTD
(૩) HILLS STATIONERS & PRINTERS
(૪) KHENI ENTERPRISE
(૫) M/S MAKMONI ENTERPRISES
(૬) V K ENTERPRISE

આંતરીક સમિતિ દ્વારા ઉપરની એજન્સીઓના ઓનલાઇન બીડની પધ્ધતિસરની ચકાસણી અનુસર્યા બાદ ક્વોલીફાઇડ થયેલ એજન્સીનાં ફાઇનાન્સીયલ બીડ ખોલતા GeM Suggested L-1 પાર્ટી તરીકે EKTA OFFSET PVT LTD આવેલ છે. જેના ભાવ નીચે મુજબ છે.

ઉપરોકત વિગતે L 1માં આવેલ એજન્સી EKTA OFFSET PVT LTD ના ભાવ વ્યાજબી જણાતા હોય આગામી સ્થાનિક સ્વરજ્યની ચૂંટણીઓનાં કામે સ્ટેશનરીની કામગીરીનો ઇજારો EKTA OFFSET PVT LTD ને આપવા ખરીદ સમિતિ / (D.P.C)એ અભિપ્રાય આપેલ છે. સબબ, વિગતે આગામી સ્થાનિક સ્વરાજ્યની

Scanned with OKEN Scanner

સામાન્ય/પેટા ચૂંટણી દરમિયાન સ્ટેશનરીની સેવા પુરી પાડવાનો ઈજારો ટેન્ડર / કરારખતની તથા નીચે મુજબના શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે EKTA OFFSET PVT LTD ને આપવા ઠરાવવામાં આવે છે.

**કામગીરી શરતો: –**

૧. ગુણવત્તાયુક્ત સામગ્રીની જોગવાઈ અંગે: –

સેવા પ્રદાતા/સપ્લાયરએ સારી ગુણવત્તાની સેવાઓ/સામગ્રીપૂરી પાડવાની રહેશે. જો આ સંદર્ભે કોઈ ફરિયાદ નોંધવામાં આવે તો,જિલ્લા ચૂંટણી અધિકારીનો નિર્ણય આખરી રહેશે અને ચુકવણી કરનારને બંધન કર્તા રહેશે.

૨. સેવા/સામગ્રીની જોગવાઈ ના વધારાના ખર્ચ અંગે:–

સેવા/ખાદ્યસામગ્રીમાટે માનવબળ/સામગ્રી વગેરેની જોગવાઈ અને સંબંધિત પરિવહન સહિત કોઈપણ વ્યવસ્થાની ચુકવણી માટે કોઈ અલગ કે વધારાનો ચાર્જ ચુકવવામાં આવશે નહીં.

૩. જાહેર રજા સહિત કામકાજ અંગે:–

ચૂંટણી પ્રક્રિયામાં જાહેર રજાઓ સહિતની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ સમયે, અધિકૃત સંબંધિત અધિકારીશ્રી/ચૂંટણી અધિકારી/ મદદનીશ ચૂંટણી અધિકારીના વર્ક ઓર્ડર મુજબ, સામગ્રી/ સેવાઓની જરૂરિયાત ઊભી થઈ શકે છે. તેમની સેવાઓ લેખિત/મૌખિક સૂચનાને વિલંબ વિના ઉપલબ્ધ કરાવવાની રહેશે.

૪. વર્ક ઓર્ડરના આધારે જથ્થો આપવા વિશે:–

મંજૂર થયેલ ભાવ અનુસાર, સેવા/સામગ્રી વગેરે વિવિધ સ્થળોએ પૂરા પાડવાના છે તે અધિકૃત સંબંધિત અધિકારીશ્રી/ચૂંટણી અધિકારી/મદદનીશ ચૂંટણી અધિકારી દ્વારા કયા સબંધિત મતવિસ્તારમાં સામગ્રી તેમજ અન્ય સેવા સામગ્રી પૂરી પાડવા જણાવવામાં આવશે. શક્ય હોય ત્યાં સુધી મૌખિક આદેશ મુજબ કોઈ સેવા/સામગ્રી પ્રદાન કરવાની રહેશે નહીં. પરંતુ જો તાકીદના સંજોગોમાં લેખિત વર્કઓર્ડર આપવાનું શક્ય ન હોય તો પછીથી વર્કઓર્ડર મેળવવાનો રહેશે.

૫. કામગીરીમાં નિષ્ફળતાના પ્રસંગે: –

જો બિડર વર્ક ઓર્ડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો વર્ક ઓર્ડરની તમામ ટેક્સ સહીતની કુલ રકમ થાય તેના ૧% (એક ટકા) રકમ પ્રતિદીન દંડ તરીકે વસુલવામાં આવશે તથા જો કોઇ કારણસર આ માટે અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો તે માટે જે વધારાનો ખર્ચ/નુકશાન થાય તે ઉપરાંત થયેલ વધારાના ખર્ચ/નુકશાનની ટેક્સ સહીત કુલ રકમના ૧૦% (દસ ટકા) રકમ પણ દંડ તરીકે વસુલ કરવામાં આવશે. આ રકમ કોન્ટ્રાકટર/બીડર પાસેથી તેઓના અન્ય બીલ અથવા જમા સિક્યોરીટી ડીપોઝીટની રકમમાંથી અથવા બાકી જમીન મહેસૂલ તરીકે વસુલ કરવામાં આવશે. આ બાબતનો આખરી નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, વલસાડ દ્વારા જાહેર કરવામાં આવે તે માન્ય રાખવાનો રહેશે. આ અંગે કોઇ વાદ-વિવાદ કે કોઇ ન્યાય કોર્ટમાં દાવો દાખલ કરવાનો રહેશે નહી.

૬. ટેન્ડર/ઓર્ડર/કોન્ટ્રાક્ટની કોઈપણ શરતના ભંગ અંગે: –

ટેન્ડરમાં દર્શાવેલ શરતો, ટેન્ડરને મંજૂર કરવાના ક્રમમાંની શરતો અથવા બીડ મંજુર કરનાર દ્વારા દાખલ કરાયેલ કરારની કોઈપણ શરતોનો બીડર અથવા કોઈપણ વ્યક્તિ દ્વારા ભંગ કરવામાં આવે અથવા શરતોનું પાલન કરવામાં જો બીડર નિષ્ફળ જાય છે, જો બિડર વર્ક ઓર્ડર મુજબના નિયત સ્થળે તથા સમય મર્યાદામાં સેવા/સામગ્રી પુરા પાડવામાં નિષ્ફળ જાય તો વર્ક ઓર્ડરની તમામ ટેક્સ સહીતની કુલ રકમ થાય તેના ૧% (એક ટકા) રકમ પ્રતિદીન દંડ તરીકે વસુલવામાં આવશે તથા જો કોઇ કારણસર આ માટે અન્ય રીતે સેવા/સામગ્રી મેળવવાની થાય તો તે માટે જે વધારાનો ખર્ચ થાય તે ઉપરાંત થયેલ વધારાના ખર્ચની ટેક્સ સહીત કુલ રકમના ૧૦% (દસ ટકા) રકમ પણ દંડ તરીકે વસુલ કરવામાં આવશે. આ બાબતનો આખરી નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, વલસાડ દ્વારા જાહેર કરવામાં આવે તે માન્ય રાખવાનો રહેશે. આ અંગે કોઇ વાદ-વિવાદ કે કોઇ ન્યાય કોર્ટમાં દાવો દાખલ કરવાનો રહેશે નહી.

Scanned with OKEN Scanner

૭. વર્ક ઓર્ડર મળ્યેથી MSME અને UDYAM નોંધણી સાથે CSPO / NSIC નોંધણી ધરાવતા એકમોને ઓર્ડર મુલ્યના ૩% લેખે સિક્યોરીટી ડીપોઝીટ તેમજ અન્ય બીડર માટે ૫ % લેખે સિકયોરીટી ડીપોઝીટ રાષ્ટ્રિયકૃત બેંકનો "જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વલસાડ" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ રજુ કરવાનો રહેશે.

૮. સેવાઓનો જરૂરીઆત અનુસાર જથ્થામાં વધારા-ઘટાડાની શકયતા રહેલી છે. આવા વધારા-ઘટાડા અંગે ટેન્ડરર્સ કોઇ હક્ક-દાવો-વાંધો લઇ શકશે નહી અને ટેન્ડર મંજુર કરનાર કે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તે પ્રમાણેની જ સેવાઓ પૂરી પાડવા ટેન્ડરર્સ બંધાયેલા રહેશે.

૯. ટેન્ડર ફોર્મમાં ભરવામાં આવેલ ભાવ, GST સાથેના અને વર્કઓર્ડરની શરતો તથા ટેન્ડર મંજુર કરનાર કે સક્ષમ અધિકારીશ્રીની સુચના મુજબ જણાવેલ વિગતે વલસાડ જિલ્લામાં જે તે સ્થળે સેવાઓ પુરી પાડવા સુધીના ગણાશે. નિયમાનુસાર/કાયદાનુસારના જીએસટી/ઇન્કમટેક્ષ વિગેરે તમામ પ્રકારના ટેક્ષ ભરવાની જવાબદારી ટેન્ડરર્સની રહેશે.

૧૦. બિડ કરનાર કોઈપણ રીતે કોઈપણ રાજકીય પક્ષ અથવા ચૂંટણી લડનાર ઉમેદવાર સાથે જોડાયેલો હોવો જોઈએ નહીં અથવા કોઈપણ રાજકીય પક્ષ અથવા ચૂંટણી લડતા ઉમેદવારમાં કોઈ રસ ધરાવતો હોવો જોઈએ નહીં.

૧૧. મંજૂર થયેલ કિંમત બિડની મંજૂરીના હુકમથી ૧ (એક)વર્ષ માટે માન્ય રહેશે અને બન્નેપક્ષોની પરસ્પર સંમતિથી વધુ એક વર્ષ માટે લંબાવી શકાશે. જો આ રીતે સમયગાળો લંબાવવામાં આવશે, તો તે દરમિયાન પૂરા પાડવામાં આવતા જથ્થાને લગતા બજાર ભાવમાં વધારાને કારણે ઊંચા ભાવની માંગ કરી શકાશે નહીં. પરંતુ આ અંગેનો અંતિમ નિર્ણય જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વલસાડ દ્વારા લેવામાં આવશે.જે નિર્ણય બીડરને બંધનકર્તા રહેશે.

૧૨. બિડ કરનાર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવા/ખાદ્ય સામગ્રી સારી ગુણવત્તાની હોવી જોઈએ અને જ્યાં સ્પષ્ટીકરણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તે સ્પષ્ટીકરણ મુજબ સેવા/ખાદ્ય સામગ્રી પુરીપાડવાની રહેશે. આ અંગે કોઈ ફરિયાદ નોંધાશે તો કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી-વલસાડનો નિર્ણય આખરી રહેશે અને તે બિડ કરનાર વ્યક્તિ માટે બંધનકર્તા રહેશે.

૧૩. ચુકવણીની શરતો:

૧૩.૧ બિડરે બિડમંજૂર કરનાર જણાવે તે રીતે દર્શાવેલ સેવાની વસ્તુઓ/સામગ્રી/જથ્થા ક્રમમાં દર્શાવીને બિલ રજુ કરવાનું રહેશે.

૧૩.૨.જો દરેક વર્ક ઓર્ડર મુજબ એક જ બિલમાં અલગ બીલ અથવા એક કરતા વધુ વર્ક ઓર્ડર હોય, તો બિલ નંબર/તારીખ વગેરે દર્શાવીને વર્ક ઓર્ડર મુજબની સેવા/સામગ્રીની વિગતો દર્શાવીને બનાવવાનું રહેશે.

૧૩.૩.આપેલ દરેક વસ્તુ માટેના બિલો બિડ મંજૂર કરનારના નામે અથવા તે જણાવે તે અધિકારીશ્રીના નામે બનાવવાના રહેશે અને કલેક્ટર કચેરી ચૂંટણી શાખા વલસાડને અથવા જણાવે તે અધિકારીશ્રીને ચુકવણી માટે સબમિટ કરવાના રહેશે.

૧૩.૪.બધા બીલ "એકાઉન્ટ પે ચેક/ઈ-પેમેન્ટ"દ્વારા ચૂકવવામાં આવશે.

૧૩.૫.જો બિડર કોઈપણ સોંપાયેલ કામગીરી પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય છે અથવા કોઈપણ શરતનો ભંગ કરે છે, તો તે અંગે તમામ કાયદેસરના પગલાંને પાત્ર રહેશે, બિડ મંજૂર કરનાર સત્તાધિકારી પાસે જરૂર જણાય તો બિલની ચૂકવણી રોકવાનો નિરંકુશ અધિકાર રહેશે.

૧૩.૬.જ્યાં સુધી કામ પૂરું ન થાય ત્યાં સુધી બિલ પર કોઈ રકમ એડવાન્સ મેળવી શકશે નહીં.

૧૩.૭. ઉપલબ્ધ ભંડોળ/અનુદાન અનુસાર બિલ ચૂકવવામાં આવશે. વિલંબીત ચૂકવણી માટે વ્યાજ ચુકવણીની માંગ કરી શકાશે નહી અને તેના માટે કોઈ પત્ર વ્યવહાર પણ કરી શકાશે નહી.

૧૩.૮.ભાવ યાદી/વાણિજ્યિક બિડમાં ભરેલ કિંમતમાં તમામ પ્રકારના કરનો સમાવેશ થશે અને તે મુજબ કિંમત મંજૂર કરવામાં આવશે અને તે મુજબ બિલ ચૂકવવામાં આવશે. બિડર દ્વારા મંજૂર કરાયેલ કિંમત પર કોઈ વધારાની રકમ/ટેક્સ ચૂકવવામાં આવશે નહીં.

૧૩.૯.નિયમો અનુસાર ચૂકવવાપાત્ર TDS/GSTની રકમ બાદ કર્યા પછી જ બિલની રકમ ચૂકવવામાં આવશે.

Scanned with OKEN Scanner

૧૩.૧૦બિડરે કોઈપણ નિયમો મુજબ ચૂકવવાપાત્ર અન્ય GST/કર/સર્વિસ ટેક્સ/વેટની રકમ ચૂકવવાની રહેશે.

૧૪. આ કામના હુકમ/કરાર અંગે કોઈ વિવાદ કે કાયદાકીય ગૂંચવણના કિસ્સામાં વલસાડ કોર્ટના અધિકારક્ષેત્ર હેઠળ આ બાબતનો નિકાલ થઈ શકશે.

તારીખ :૨૭/૦૧/૨૦૨૬
સ્થળ:- વલસાડ

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર વલસાડ

**R.P.A.D::**

પ્રતિ,
એકતા ઓફસેટ પ્રાઈવેટ લિમિટેડ
ભગવતી ફર્નિચર નજીક, નડીયાદ પેટલાદ રોડ.
નડીયાદ, જિલ્લો ખેડા -૩૮૭૩૫૫
મોબાઈલ નંબર .૯૯૦૪૮૫૩૮૦૦, ૭૮૦૨૮૫૨૧૦૦

નકલ રવાના :- પ્રાંત અધિકારીશ્રી, વલસાડ / પારડી / ધરમપુર તરફ.
નકલ રવાના:- મામલતદારશ્રી,વલસાડ(ગ્રામ્ય/શહેર),ધરમપુર,પારડી,કપરાડા,વાપી(ગ્રામ્ય/શહેર),ઉમરગામ
નકલ રવાના :- ચીફ ઓફીસરશ્રી નગરપાલિકાઓ તમામ
નકલ રવાના :- તાલુકા વિકાસ અધિકારીશ્રી તમામ
નકલ રવાના :- સબંધિત ચૂંટણી અધિકારીશ્રીઓ તરફ
નકલ રવાના:- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, વલસાડ તથા પેટા તિજોરી અધિકારીશ્રી પારડી/ધરમપુર/નાનપોંઢા /વાપી/ ઉમરગામ / કપરાડાતરફ
નકલ રવાના:- હિસાબી શાખા તરફ
નકલ:: સિલેકટ ફાઈલે

Scanned with OKEN Scanner

ત્રી. ૨૯૨૭
. ૨૯૯

| EKTA OFFSET PRIVATE LIMITED | | | | |
|---|---|---|---|---|
| પરિશિષ્ટ–૧ | | | | |
| Item Number | Item Title | Item Quantity | Unit Price | Total Price |
| 1 | sefty pin | 3300 | 8 | 26400 |
| 2 | Plastic cup to put avilopya | 1700 | 4 | 6800 |
| 3 | Matchbox | 200 | 8 | 1600 |
| 4 | Blade | 200 | 8 | 1600 |
| 5 | Rubber band SMALL | 60 | 279 | 16740 |
| 6 | Rubber band BIG | 60 | 299 | 17940 |
| 7 | Ballpan | 3500 | 4 | 14000 |
| 8 | Polythin Bag For Voting Items | 2000 | 28 | 56000 |
| 9 | Adhesive Tape | 2000 | 6 | 12000 |
| 10 | Cello Tape | 2000 | 12 | 24000 |
| 11 | Clip Box U Pin | 8000 | 8 | 64000 |
| 12 | Paper Cutter | 100 | 12 | 1200 |
| 13 | Simple Pencile | 3500 | 5 | 17500 |
| 14 | pin Takni | 2000 | 5 | 10000 |
| 15 | minbatti small | 500 | 5 | 2500 |
| 16 | minbatti BIG | 6000 | 6 | 36000 |
| 17 | CHOCK STICK | 400 | 10 | 4000 |
| 18 | Carbon Paper | 60 | 95 | 5700 |
| 19 | Printer Cartridge | 10 | 750 | 7500 |
| 20 | DVD | 80 | 8 | 640 |
| 21 | C.D | 80 | 8 | 640 |
| 22 | PLASTIC FOLDER FILE | 500 | 12 | 6000 |
| 23 | PLASTIC FOLDER FILE | 500 | 13 | 6500 |
| 24 | File Cover | 1500 | 5 | 7500 |
| 25 | File Cover | 300 | 22 | 6600 |
| 26 | DAFTAR BANDH NU KAPAD KHAD | 500 | 28 | 14000 |
| 27 | SPIREL WRITING PAD | 500 | 12 | 6000 |
| 28 | MARKER PEN | 100 | 9 | 900 |
| 29 | MARKER PEN | 100 | 12 | 1200 |
| 30 | soy | 2000 | 3 | 6000 |
| 31 | Khakhi Paper For Packing | 5000 | 4 | 20000 |
| 32 | Stamp Pad Jambudiya Color | 2000 | 26 | 52000 |
| 33 | Zerox Paper A4 | 3500 | 219 | 766500 |
| 34 | Zerox Paper Legal | 2000 | 240 | 480000 |
| 35 | Lakh stick | 2000 | 69 | 138000 |
| 36 | gum Paste Gundar | 2000 | 6 | 12000 |
| 37 | patli val Appeli Dori sutli | 2000 | 70 | 140000 |
| 38 | Stand For Voting Receipt | 2000 | 10 | 20000 |
| 39 | Filelass cotton | 350 | 56 | 19600 |
| 40 | Filelass Tag | 13 | 290 | 3770 |
| 41 | Kangaroo Stepler | 2000 | 47 | 94000 |
| 42 | Kangaroo Stepler Pin | 2000 | 110 | 220000 |
| 43 | Kangaroo Stepler HP 20 | 80 | 172 | 13760 |
| 44 | Kangaroo Stepler Pin No Size HP | 80 | 245 | 19600 |
| 45 | THICK BLACK PAPER COVER | 2000 | 5 | 10000 |
| 46 | PLASTIC BOX | 1770 | 60 | 106200 |

Scanned with OKEN Scanner

| | | | | |
|---|---|---|---|---|
| 47 | PLASTIC FILE A4 | 1400 | 13 | 18200 |
| 48 | PLASTIC FILE Legal | 700 | 14 | 9800 |
| 49 | AERO CROSS MARK | 1720 | 17 | 29240 |
| 50 | POLLING STATION SPECIALIST VI | 1720 | 32 | 55040 |
| 51 | SPUNCH WITH BOX | 1720 | 19 | 32680 |
| 52 | REGISTER 1 QUAVER | 450 | 44 | 19800 |
| 53 | REGISTER 2 QUAVER | 350 | 64 | 22400 |
| 54 | REGISTER 3 QUAVER | 350 | 80 | 28000 |
| 55 | REGISTER 4 QUAVER | 350 | 102 | 35700 |
| 56 | CORRECTION WHITNER INK PEN | 300 | 12 | 3600 |
| 57 | HIGHLIGHTER PEN CAMLEN | 350 | 12 | 4200 |
| 58 | PLASTIC TRAY | 350 | 79 | 27650 |
| 59 | LOCK AND KEY 7 LEVER SMALL SI | 900 | 42 | 37800 |
| 60 | LOCK AND KEY 7 LEVER BIG SIZE | 300 | 68 | 20400 |
| 61 | CALCULATOR 12 DIGITE CT 580 | 300 | 80 | 24000 |
| 62 | BOX FILE | 400 | 69 | 27600 |
| 63 | PAPER FLAG 4 COLOR | 3700 | 12 | 44400 |
| 64 | FAVISTICK 5GM | 600 | 16 | 9600 |
| 65 | FAVIKWIK 5 ML | 300 | 1 | 300 |
| 66 | A4 STICKER 1 rim | 200 | 150 | 30000 |
| 67 | Steel Measure patti | 1800 | 14 | 25200 |
| 68 | Punching Machine small | 300 | 42 | 12600 |
| 69 | Punching Machine big | 60 | 142 | 8520 |
| 70 | Stamp Pad ink | 500 | 24 | 12000 |
| 71 | two flag binder | 250 | 18 | 4500 |
| 72 | Four flag binder | 250 | 32 | 8000 |
| 73 | cover khakhi 4x6 | 100 | 2 | 200 |
| 74 | cover khakhi 11x5 | 100 | 2 | 200 |
| 75 | cover khakhi 12x6 | 3500 | 2 | 7000 |
| 76 | cover color 16x10 | 3500 | 8 | 28000 |
| 77 | cover color 20x18 | 3500 | 8 | 28000 |
| 78 | BLACK COVER 12X10 | 3500 | 8 | 28000 |
| 79 | Zerox Paper color A4 | 70 | 110 | 7700 |
| 80 | Rubber stamp 1 unit rate | 600 | 30 | 18000 |
| 81 | Rubber stamp round | 600 | 45 | 27000 |
| 82 | I card cover with dori | 6000 | 6 | 36000 |
| 83 | A4 Thick Puttha | 2000 | 4 | 8000 |
| 84 | Thick Puttha 1 inch | 10 | 500 | 5000 |
| 85 | Scissors | 300 | 42 | 12600 |
| 86 | Scissors | 100 | 42 | 4200 |
| 87 | Soyo Poker | 500 | 9 | 4500 |
| 88 | Miniya Cord | 650 | 26 | 16900 |
| 89 | Cord | 2000 | 20 | 40000 |
| 90 | Cord | 2000 | 20 | 40000 |
| 91 | Cord | 2000 | 20 | 40000 |
| 92 | PATIYA | 300 | 20 | 6000 |
| 93 | SKECHPEN PEKET | 60 | 3 | 180 |
| 94 | PEN-DRIVE | 120 | 265 | 31800 |
| 95 | LEDGER PAPER LEGAL | 60 | 245 | 14700 |
| 96 | JIP LOG BEG MOTI | 3500 | 8 | 28000 |

Scanned with OKEN Scanner

| | | | | |
|---|---|---|---|---|
| 97 | JIPLOG BEG NANI | 3500 | 6 | 21000 |
| 98 | AIR FRESHNER | 60 | 55 | 3300 |
| 99 | HARPIC | 60 | 55 | 3300 |
| 100 | RUBBER | 170 | 12 | 2040 |
| 101 | SHARPNER | 170 | 12 | 2040 |
| 102 | THINER LTR | 70 | 45 | 3150 |
| 103 | MOKPOL NA SIKKA | 2000 | 26 | 52000 |
| 104 | PATRANI PETI | 30 | 2450 | 73500 |
| 105 | Drawing pins | 2000 | 9 | 18000 |
| | **TOTAL** | | | **3658430** |

જિલ્લા ચૂંટણી અધિકારી
અને
કલેકટર વલસાડ

Scanned with OKEN Scanner